ગાંધીનગરથી દર પહેલી અને પંદરમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક R.N.I. No. GUJGUJ/2014/58245 Registered under RNI No. GUJGUJ/2014/58245 Permitted to post at SRO,GANDHINAGAR, and on 1st & 15th of every month under Postal Regd No G-GNR-339 issued by SSP GNR valid up to 31-12-2019

Special Colour Edition

# અગ્નિપથ

વર્ષ : ૦૬ ● અંક : ૧૬ સ્થાપક તંત્રી : અરવિંદ રાણા ● તારીખ : ૦૧-૧૦-૨૦૧૭ રવિવાર ● વાર્ષિક સહયોગ : રૂા. ૨૦૦ ● પાના : ૪

### સ્ટ્રેસ મેનેજમેન્ટ વર્કશોપના સમાપન પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે

# હિલવુડ્સ સ્કુલ ખાતે શ્રી અરવિંદભાઈ રાણા લિખિત વિદ્યાર્થીલક્ષી પુસ્તક 'શૈક્ષણિક સફળતા'નું વિમોચન કરાયું




ગાંધીનગર

વૈદિક પરિવાર અને રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે હિલવુડ્સ સ્કુલ ખાતે ત્રિદિવસીય સ્ટ્રેસ મેનેજમેન્ટના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં શાળાનાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય વક્તા તરીકે વિષય નિષ્ણાત વૈદિક પરિવારનાં ટ્રસ્ટી અને રોટરી ક્લબનાં પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદભાઈ રાણા તથા સહયોગી વક્તા તરીકે શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ સેવાઓ પ્રદાન કરી હતી. વર્કશોપનાં સમાપન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા અતિથિ વિશેષ તરીકે હાઉસીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનનાં ઈન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર ડૉ. એસ. કે. નંદા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે શ્રી અરવિંદભાઈ રાણા દ્વારા લિખિત હિન્દી પુસ્તક શૈક્ષણિક સફળતાનું વિમોચન કરવામાં આવ્યું હતું. સાથે સાથે હિલવુડ્સ સ્કુલનાં એટીએલ મેન્યુઅલ પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. વિમોચન બાદ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિદ્યાર્થીઓને તણાવમુક્ત અભ્યાસ કરવાનું જ્ઞાન આપતા આ પ્રકારનાં વર્કશોપનું અનેક જિલ્લાઓમાં સતત આયોજન કરતા રહેવા બદલ વૈદિક પરિવાર અને રોટરી ક્લબને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વધુમાં કહ્યું હતું કે વિદ્યાર્થીઓને તણાવમુક્ત કરવાનું કાર્ય બહુ મોટું કામ છે. માત્ર સરકારી પ્રયાસોથી ચાલે તેમ નથી. સરકાર તો પ્રયત્નો કરી જ રહી છે પણ તેની સાથે આવી સંસ્થાઓ, ધર્મગુરૂઓ, કથાકારો (અનુ. પાન-૨ ઉપર)

# દર્શન યોગ મહાવિદ્યાલય-રોજડ ખાતે ઉચ્ચસ્તરીય ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર સફળતાપૂર્વક સંપન્ન






દર્શન યોગ ધર્માર્થ ટ્રસ્ટ દ્વારા સંચાલિત દર્શન યોગ મહાવિદ્યાલય, આર્યવન-રોજડ દ્વારા ગત ૧૯ થી ૨૪મી સપ્ટેમ્બર દરમ્યાન ઉચ્ચસ્તરીય ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં અગાઉ યોગ શિબિરોમાં ભાગ લીધો હોય તેવા જુના સાધકોને જ પ્રવેશ આપવામાં આવ્યો હતો. શિબિરમાં દેશભરનાં ૧૦ પ્રાન્તોમાંથી ૫૦ જેટલા શિબિરાર્થીઓ તથા અનેક શ્રોતાઓએ ભાગ લીધો હતો.

શિબિરમાં યમ, નિયમ આદિ અષ્ટાંગ યોગનું આદર્શરૂપમાં આચરણ, આત્મનિરીક્ષણ, વિભિન્ન દર્શન શાસ્ત્રોમાં વર્ણવેલા સાધના માટેનાં મહત્વપૂર્ણ સૂત્રો તથા શંકા-સમાધાનનાં વર્ગોનું સંચાલન કરવામાં આવતું હતું. આ ઉપરાંત દરરોજ યજ્ઞ બાદ સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકનું વેદ મંત્રો ઉપર વ્યાખ્યાન પણ યોજવામાં આવતું હતું. ધ્યાનનો વિશેષ અભ્યાસ સ્વામી ધ્રુવદેવજી દ્વારા તથા વિવેક-વૈરાગ્ય-અભ્યાસ વિષય આચાર્ય ઈશ્વરાનંદજી દ્વારા રોચક શૈલીમાં લેવામાં આવ્યો હતો. નિદિધ્યાસનનાં સિદ્ધાંત અને તેની વિધિનો ગંભીર વિષય આચાર્ય દિનેશકુમારજી દ્વારા લેવામાં આવ્યો હતો. આચાર્ય પ્રિયેશજીએ સમગ્ર શિબિરની વ્યવસ્થા અને સંચાલનની મહત્વની જવાબદારી સફળતાપૂર્વક સંપન્ન કરી હતી. દરરોજ સવારે આસન-વ્યાયામની કક્ષા પિન્જોરનાં શ્રી વીરેન્દ્રજી તથા દિલ્હીનાં માતા વિમલજીએ લીધી હતી.

૨૪મી તારીખે સવારે ૯ થી ૧૨ દરમ્યાન સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિબિરાર્થીઓએ પોતાના અનુભવો અને ઉપલબ્ધિઓ સંભળાવી હતી. આ પ્રસંગે સ્વામી સત્યપતિજી પરિવ્રાજક અને આચાર્ય જ્ઞાનેશ્વરજીએ પણ પ્રેરક ઉદ્‌બોધનો કર્યા (અનુ. પાન-૨ ઉપર)

# મહર્ષિ મનુએ ધાર્મિક વ્યક્તિનો સર્વ પ્રથમગુણ ધૈર્ય બતાવેલો છે

**ભૂમિકા : આચાર્યવર સમસ્યા દ્વારા વિનાશ સુધીનો ક્રમ સ્પષ્ટ કરી રહ્યાં છે. -**

**(૩૪) સમસ્યાથી દુ:ખ, દુ:ખથી દ્વેષ, દ્વેષથી અનિષ્ટ કર્મ અને તેનાથી વિનાશ થાય છે.**

ત્રણ રસ્તામાંથી જો કોઈ એકમાં પણ વ્યક્તિ અસફળ થાય, જેમ કે - સમાધાન મેળવી ન શકે, અથવા સહન ન કરી શકે અથવા ઉપેક્ષા પણ ન કરી શકે તો, તે વ્યક્તિને સમસ્યા વિક્ષિપ્ત કરી દે છે, ક્ષુબ્ધ કરી દે છે, વિચલિત કરી દે છે, રજોગુણ અથવા તમોગુણથી યુક્ત કરી દે છે. આગળ ઉપર તે વ્યક્તિ સમસ્યાથી ગ્રસિત થઈ અનિષ્ટ ચિંતન કરીને, અનિષ્ટ વાણીનો પ્રયોગ કરીને અને અનિષ્ટ કાર્યોને કરીને પોતાનો વિનાશ કરી લે છે. વિવેકને ખોઈને, બુદ્ધિને નષ્ટ-ભ્રષ્ટ કરી, આદર્શ મર્યાદાઓ, વ્રતો, સંકલ્પો, વિધિ-વિધાનો અને આદર્શ પરંપરાઓને ભૂલીને પોતાના પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વનો પણ વિનાશ કરી દે છે. તેથી બુદ્ધિમાન, વિવેકી વ્યક્તિએ વિચારવું જોઈએ કે સમસ્યાઓનું સમાધાન પ્રાપ્ત કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી લે એટલે કે તે સમસ્યાઓને ઉપેક્ષિત રાખી અથવા તો તેઓને પોતાનાથી અલગ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી લે.

**ભૂમિકા : નિંદામાં, આર્થિક સંકટમાં અને ભય આદિ વિકાર ઉત્પન્ન કરનારી સમસ્યાઓને હલ કરવાના ઉપાયોનો વિચાર કરતાં કરતાં ધૈર્યવાન પુરૂષ દૃઢતા અને પૂરી તાકાતથી પોતાના કામમાં ચોંટી રહે છે, સ્થિરતાપૂર્વક જોડાયેલો રહે છે. તે પોતાના માર્ગમાંથી એક ડગલું પણ વિચલિત થતો નથી. તેથી તે પોતાના કામને અધવચ્ચે નથી છોડતો. આ પ્રકારે વિપત્તિમાં વ્યક્તિનાં ધૈર્યની પરીક્ષા થાય છે. ધૈર્યવાનની હંમેશા પ્રસંશા થાય છે. તે હિંમતવાળો, ઉદારદિલ અને સાહસી કહેવાય છે. તેની પ્રતિભા નિખરતી જાય છે. ધૈર્યવાન પોતાની જિંદગીમાં જે લક્ષ્યને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે છે તે સર્વ કાર્ય તેને તેની દાસીનાં રૂપમાં કામ કરી સફળતા પ્રાપ્ત કરાવી આપે છે. આનાથી વિપરીત અધીર પુરૂષ રસ્તામાં જલદી ડગમગી જાય છે, કાચો અને કમજોર પડી જાય છે. તે પોતાના પગ ઉપર ઉભો નથી રહી શકતો, તેનું કામ બગડી જાય છે. સર્વ કાર્યોમાં આતુરતા દેખાડનાર વ્યક્તિ અસફળ થઈ જાય છે. તેની વિપત્તિ બમણી થઈ જાય છે. ધૈર્યહિનને દરેક જગ્યાએ ધિક્કારવામાં આવે છે. તેથી કહેવામાં આવે છે - જેટલું**



## સમસ્યા સમાધાન..
**- આચાર્ય જ્ઞાનેશ્વરજી**
**અનુવાદ - વાનપ્રસ્થા જયાબહેન**

**જલ્દી એટલું જ મોડું. શિક્ષા એ છે કે ભડભડિયા ન બનો. થોડી ધીરજ રાખો. ધૈર્યની પ્રસંશામાં આચાર્યજી કહે છે કે -**

**(૩૫) ધૈર્ય રાખવું એ સમસ્યાનો ઉકેલ છે.**

ઉપાયોનાં સહયોગથી સમસ્યાઓનું સમાધાન કાઢી શકાય છે, અથવા તેને સહન કરી શકાય છે અથવા તેની ઉપેક્ષા કરી શકાય છે, તેને ટાળી શકાય છે. એક ઉપાય છે - ધૈર્ય, જેને સંસ્કૃતમાં ધૃતિ કહેવામાં આવી છે. મહર્ષિ મનુએ ધાર્મિક વ્યક્તિનો સર્વ પ્રથમ ગુણ ધૈર્ય બતાવેલો છે. જે ધૈર્યવાન હોય છે, તે વ્યક્તિની સામે કેટલીય સમસ્યાઓ આવે છે પરંતુ તે તેની આંદોલિત નથી કરતી, તેને રજોગુણમાં પ્રવેશવા નથી દેતી, તેને વિક્ષિપ્ત નથી કરતી, તેના મનને ક્ષોભયુક્ત, હતાશ, નિરાશ નથી કરતી.

**ભૂમિકા : આચાર્યવર ધૈર્યથી થનારા લાભોની સીમાને બતાવે છે. -**

**(૩૬) ધૈર્યથી સમસ્યા ટળે છે.**

ધૈર્ય એક ઉત્તમ ગુણ છે. ક્ષમા ધૈર્યની જ બહેન છે. વ્યક્તિ ધૈર્ય ધારણ કરી લે, પરંતુ ક્ષમા કરતા ન આવડે, તો ધૈર્ય સમાપ્ત થતાં જ ફરીથી સમસ્યા ઉભી થઈ જાય છે. ત્યારે વ્યક્તિ ક્રોધિત, પ્રતિશોધની ભાવનાવાળી, મનથી પ્રજ્વલિત અને દ્વેષયુક્ત થઈને અનિષ્ટ ચિંતન કરે છે.

ધૈર્ય ધારણ કરવાથી સમસ્યાનો અંત આવતો નથી, પરંતુ ધૈર્યથી સમસ્યા કેવળ ટળે છે અથવા ઉપેક્ષિત રહે છે. આ અંતરને સમજવું જોઈએ. માની લો કે કોઈ વ્યક્તિએ આપણા પ્રતિ જૂઠો આરોપ લગાવ્યો, આપણી નિંદા કરી, ચુગલી કરી, હાનિ પહોંચાડી, અપમાન કર્યું, વિશ્વાસઘાત કર્યો, છળકપટ કર્યું, અન્યાય કર્યો, પક્ષપાત કર્યો વગેરે. તેની આ ક્રિયાઓને જોઈને સહન કરવું, પ્રતિક્ષા કરવી, પરીક્ષા કરવી અને શોધ કરવી કે ભવિષ્યમાં ક્યાં સુધી એ એવું કે છે, કેટલા સ્તર સુધી કરે છે, કેટલી વાર કરે છે, ક્યાં ક્યાં કરે છે. આ સમસ્ત વસ્તુઓનું પરિક્ષણ કરતા રહેવું અને મનની અંદર પ્રતિક્ષા કરતી રહેવી.

વ્યક્તિના સ્તર અને જે પ્રકારની સમસ્યા છે, તેને જોઈને ધૈર્યના કાળની સીમાનું નિર્ધારણ કરવામાં આવે છે. ધૈર્ય પાંચ મિનીટનું પણ હોય છે, કલાકનું પણ હોય છે, એક મહિનો, એક વર્ષનું પણ હોય છે અને ઘણા લાંબા કાળ સુધીનું પણ હોય છે. આ વ્યક્તિ ઉપર અને ઘટના ઉપર આધારિત છે. **(ક્રમશઃ)**

## આદર્શ નિવાસી કન્યા.....
**(પાન-૪નું શેષ)**

સ્ટ્રેસ મેનેજમેન્ટ અને દિવ્ય દૃષ્ટિ જાગરણનાં કાર્યક્રમો દ્વારા બૌદ્ધિક ક્ષમતામાં ખૂબ મોટો વધારો થતો હોવાનું જણાવી અભ્યાસમાં સફળતા મેળવવા પ્રેરણા આપી હતી. ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી મૌલિનભાઈ પટેલે રોટરી ક્લબ દ્વારા ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

કાર્યક્રમમાં વૈદિક પરિવારનાં ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ગાંધી, રોટરી ક્લબનાં સ્થાપક પ્રમુખ શ્રી જગતભાઈ કારાણી, પૂર્વ પ્રમુખોમાં શ્રી યુવરાજસિંહ વાઘેલા, શ્રી અરવિંદભાઈ રાણા, શ્રીમતી અમીબહેન શાહ, શ્રી મનોજભાઈ સરૈયા, પ્રેસિડન્ટ ઈલેક્ટ શ્રી ભરતભાઈ પટેલ, સેક્રેટરી શ્રી અભેરાજભાઈ ચૌધરી, રોટે. સુશ્રી જયશ્રીબહેન ખેતીયા સહિત શાળાનાં શિક્ષકગણ અને ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

## દર્શન યોગ મહાવિદ્યાલય....
**(પાન-૧નું શેષ)**

હતા. શિબિરાધ્યક્ષ સ્વામી વિવેકાનંદજીએ પણ ઉત્તમ પ્રેરણા આપી હતી. હોશંગાબાદ ગુરૂકુળનાં સ્વામી ઋતસ્પતિજી પરિવ્રાજક, આર્યવન આર્ષ કન્યા ગુરુકુળનાં આચાર્યા શિતલજી તથા વાનપ્રસ્થ સાધક આશ્રમનાં આચાર્ય શક્તિનંદનજીનું પણ સાનિધ્ય પ્રાપ્ત થયું હતું.

આ પ્રસંગે સ્વામી સત્યપતિજીનાં વરદ હસ્તે સત્ય સિદ્ધાંત નામની પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. દર્શન યોગ ધર્માર્થ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આ પુસ્તકનાં લેખક આચાર્ય ધર્મવીરજી મુમુક્ષુ છે.

શિબિરને સફળ બનાવવામાં દર્શન યોગ મહાવિદ્યાલયનાં અધ્યક્ષ, બ્રહ્મચારીગણ, કાર્યકર્તા તથા અનેક સ્થાનોએથી આવેલા સહયોગીઓએ પ્રસંશનીય યોગદાન આપ્યું હતું. આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ તરફથી આવાસ, ભોજન વગેરેમાં વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## હિલવુડ્સ સ્કુલ ખાતે.....
**(પાન-૧નું શેષ)**

જોડાય તો બહુ સારું પરિણામ મેળવી શકાય.

ડૉ. એસ. કે. નંદાએ કહ્યું હતું કે જો વિદ્યાર્થી સંકલ્પબદ્ધ બની જાય તો કોઈપણ કાર્ય અશક્ય નથી. સામાન્ય વિદ્યાર્થી પણ સંકલ્પ અને પુરૂષાર્થનાં બળે અસામાન્ય કાર્યો કરી શકે છે. તેમણે સામાન્ય પરિવારમાંથી આવતા હોવા છતાં સફળતાના ઉચ્ચ શીખરે કેવી રીતે પહોંચી શકાય તેના ઉપાયો અનેક ઉદાહરણો દ્વારા પ્રસ્તુત કર્યા હતા. વિષય નિષ્ણાત શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીઓને અંતિમ વ્યાખ્યાનમાં દરરોજ રાત્રે આત્મનિરીક્ષણ કરી પોતાની ભૂલોને જાણી તેને સુધારવા સંકલ્પબદ્ધ બનવા અનુરોધ કર્યો હતો. તેમણે વર્કશોપ દરમ્યાન જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેને વ્યવહારમાં ઉતારવાનો સંકલ્પ લેવડાવ્યો હતો.

મંચસ્થ મહાનુભાવોનાં વરદ હસ્તે વર્કશોપમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને વિદ્યાર્થી ઔર તનાવ નામનું પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમનાં પ્રારંભમાં રોટર ક્લબ ઓફ કેપિટલનાં પ્રમુખ શ્રી બી. કે. ચાવડાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. આ કાર્યક્રમનાં પ્રોજેક્ટ ચેરમેન શ્રી યુવરાજસિંહ વાઘેલાએ ક્લબ દ્વારા ચાલતી વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. કાર્યક્રમમાં વૈજ્ઞાનિક સંશોધન સાથે જોડાયેલા ડૉ. નરોત્તમ શાહુ, ડૉ. નિલેશ દેસાઈ, ડૉ. માન સિંઘ, રોટરી ક્લબનાં સ્થાપક પ્રમુખ શ્રી જગતભાઈ કારાણી, રોટરેક્ટ ક્લબનાં પ્રમુખ શ્રી જય રાણા, રોટે. શ્રી પાર્થ ઠક્કર, શ્રી ધર્મેન્દ્રસિંહ ચાવડા, શ્રી ગૌરાંગ રાણા, શ્રી ગમનભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પૂર્વ પ્રમુખ શ્રીમતી અમીબેન શાહ અને રોટે. સુશ્રી જયશ્રી બેન ખેતીયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં અંતમાં શાળાના ઉપાચાર્યા શ્રીમતી સુનીતા સેહગલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## આર્યસમાજ-આણંદ.....
**(પાન-૪નું શેષ)**

તથા માજી સરપંચ શ્રી જીતેન્દ્રસિંહ સોલંકી તથા કિસાન મોરચાનાં માજી પ્રમુખ શ્રી ભગવાનસિંહ મહિલા તથા રામનગરનાં ડે. સરપંચ શ્રી નટુભાઈ પરમાર, શ્રી દિલીપસિંહ રાઉલજી તથા શ્રી પ્રવિણસિંહ મહીડાએ હાજર રહી આશરે ૨૦૦૦ વિદ્યાર્થીઓને ઉકાળો પીવડાવ્યો હતો. ત્રણોલ અને કુંજરાવના વિવિધ પરા વિસ્તારની શાળાઓનાં ૧૩૦૦ બાળકોને શ્રી રમેશભાઈ સોઢાની સીધી દેખરેખ હેઠળ ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો. સામરખા મુકામે એચ.એલ. હાઈસ્કુલનાં ૭૫૦ જેટલા વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણને સંસ્થાના પુરોહિત શ્રી કનુપ્રસાદ શાસ્ત્રીની ઉપસ્થિતિમાં ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ કુલ ૬૪૫૦ જેટલા બાળકોને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું.

## વૈદિક પરિવાર, ગાંધીનગર અને રોટરી ક્લબ ઓફ કેપિટલનાં સંયુક્ત ઉપક્રમે

# મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુર ખાતે ત્રિદિવસીય સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ સફળતાપૂર્વક સંપન્ન

ગાંધીનગર

વૈદિક પરિવારની ગાંધીનગર શાખા દ્વારા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સહયોગથી ગાંધીનગર જિલ્લાના નારદીપુર ગામે સ્થિત મહિલા ગ્રામ વિદ્યાપીઠ ખાતે ત્રિદિવસીય સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાઈ ગયો. વિદ્યાપીઠનાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી ૯૭ જેટલી વિદ્યાર્થીનીઓ માટે યોજાયેલા આ વર્કશોપમાં વિષય નિષ્ણાત અને રોટરી ક્લબ ઓફ કેપિટલનાં પૂર્વ પ્રમુખ તથા વૈદિક પરિવારનાં ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ પ્રશિક્ષણ આપ્યું હતું. જેમાં વૈદિક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ પણ પ્રાણાયામ, ધ્યાન, આત્મનિરીક્ષણ જેવા વિષયોનું પ્રશિક્ષણ આપી મદદનીશ પ્રશિક્ષક તરીકે સેવાઓ પ્રદાન કરી હતી.

શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીનીઓને સ્ટ્રેસનાં વિવિધ કારણો સમજાવી તેને દૂર કરવાના ઉપાયો ઉપર વિસ્તારથી પ્રકાશ પાડ્યો હતો. તેમણે સ્ટ્રેસનાં કારણોમાં ભણવાની વૈજ્ઞાનિક વિધિ વિશે અજ્ઞાનતા, સંશય, ભ્રાન્તિ એટલે ઉલટું કે વિપરિત જ્ઞાન, નકારાત્મક વિચારો, વધારે પડતી અને સામર્થ્ય બહારની અપેક્ષાઓ કે ઈચ્છાઓ વગેરેને જવાબદાર ગણ્યા હતા. વર્કશોપ દરમ્યાન ભણવાની વૈજ્ઞાનિક વિધિ વિશે સવિસ્તાર ઉદાહરણો સહિત સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત સંશય અને ભ્રાન્તિઓ કેવા પ્રકારની હોય છે અને તેને દૂર કરવા શું કરવું જોઈએ તેની પણ સમજ આપી હતી. તેમણે વિચાર કરવાની સકારાત્મક પદ્ધતિ કેવી હોય તે વિશે પણ સમજ આપી હતી. વિદ્યાર્થીનીઓને ન ગમતાં કે અઘરા લાગતા વિષયોમાં રસ ઉત્પન્ન કરવાની વિધિ પણ તેમણે સમજાવી હતી.




વર્કશોપનાં ઉદ્‌ઘાટન પ્રસંગે ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી રીટાબહેન દવે ઉપસ્થિત રહ્યાં હતા. જ્યારે સમાપન પ્રસંગે વિદ્યાપીઠનું સંચાલન કરતી સંસ્થા ગ્રામ સેવા મંદિરનાં ડાયરેક્ટર શ્રી જયગોપાલભાઈ પંડિત ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે આ પ્રકારના વર્કશોપની પ્રસંશા કરતાં કહ્યું હતું કે આ સંસ્થામાં માત્ર ભણતર જ નહિં પરંતુ વિદ્યાર્થીનીઓનું ઘડતર થાય તે માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. વર્કશોપનાં પ્રતિભાવો સાંભળી તેમણે વર્કશોપને સફળ ગણાવી આ પ્રકારના કાર્યક્રમો સતત ચાલતા રહે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

સમાપન સમારોહમાં રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સેક્રેટરી શ્રી અભેરાજભાઈ ચૌધરી, રોટરેક્ટ પ્રેસિડેન્ટ શ્રી જય રાણા, સક્રેટરી શ્રી મહર્ષિ દવે, રોટરેક્ટ શ્રી યશ બ્રહ્મભટ્ટ રહ્યા હતા. મંચ સંચાલન ડૉ. જશુમતીબહેન દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. જી. જે. જાડેજા દ્વારા કરવામાં આવી હતી.


# સામવેદ ભાષ્યના પ્રકાશનની યોજના

*સપ્ટેમ્બર માસના અંતમાં અથવા **ઓક્ટોબર** માસના પ્રારંભમાં પ્રકાશનનું કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.*

**દરેક આર્યસમાજ, આર્ય શિક્ષણ સંસ્થાઓ, અન્ય સંસ્થાઓ અગ્રિમ ગ્રાહક બનીને જોડાય તે ઈચ્છનીય છે**

ઈશ્વરીય વાણી વેદનો અધિક માત્રામાં, તીવ્ર ગતિથી જન-જન સુધી પ્રચાર થાય તથા લોકો વેદને વાંચે, સમજે તથા તદનુસાર આચરણ કરી સમાજમાં સુખ શાંતિની સ્થાપના કરે એ ઉદ્દેશ્યથી ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વેદભાષ્ય પ્રકાશન કરવાની યોજના બનાવવામાં આવી છે. જેના અંતર્ગત ચારેય વેદોભાષ્યનું પ્રકાશન સંપન્ન થયેલ છે. વર્તમાનમાં સામવેદભાષ્ય (દ્વિતીય સંસ્કરણ)ની પ્રકાશન કરવાની યોજના બનાવવામાં આવી છે. એક પ્રતિની કીંમત ૫૦% છૂટની સાથે ૪૦૦ રુ. રાખેલ છે.

**સામવેદ ભાષ્ય**
**ભાવાનુવાદક**

શ્રી દયાલમુનિજી વાનપ્રસ્થ
(નિવૃત્ત વિભાગ અધ્યક્ષ,
આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર)

- ઋગ્વેદ ભાષ્ય ( ખંડ)ની ૫૦૦૦ નકલોનું પ્રકાશન થશે.
- આકાર : ૨૦ X ૨૮ (ક્રાઉન ૮ પેજ)
- ઉત્તમ કાગળ, મલ્ટીકલર ટાઈટલ, રેક્ઝિન બાઈન્ડિંગ
- સંપૂર્ણ ગ્રન્થનું બે કલરમાં મુદ્રણ કરાશે. પ્રચારાર્થે પડકર કિંમત કરતાં પણ ઓછી કિંમતમાં વિતરણ કરાશે.

- એક લાખ રૂપિયા અથવા તેનાથી વધારે ધનરાશિ પ્રદાન કરનાર સહયોગી/અગ્રિમ ગ્રાહક પોતાના રંગીન ચિત્ર તથા સંક્ષિપ્ત જીવન પરિચય અવશ્ય મોકલાવે.
- એકાવન હજાર પ્રદાન કરનાર મહાનુભાવ પોતાનું રંગીન ચિત્ર અને નામ, સરનામું મોકલાવે.
- એકાવન હજારથી ઓછા અને ઓછામાં ઓછા અગિયાર હજાર પ્રદાન કરનાર મહાનુભાવોના નામ અને સરનામા પ્રકાશિત કરવામાં આવશે.
- દાન દાતાઓને ગ્રંથ પ્રકાશિત થયેલી ભેટરૂપે યથાયોગ્ય નકલો મોકલવામાં આવશે.

અંતમાં જો આપ વૈદિક ધર્મી છો અને વેદ ધર્મનો પ્રચાર-પ્રસાર સર્વત્ર થાય તેવી ઈચ્છા છે તથા ઈશ્વરે આપને ધન અને શ્રદ્ધા પ્રદાન કરી છે તો અમને સહયોગ પ્રદાન કરીને આર્યોચિત ધર્મનું પાલન કરશો, એવા વિશ્વાસ સાથે...

**આપ આ યોજનામાં જોડાઈ શકો છો...**

- વ્યક્તિગતરૂપમાં પોતાના પરિવાર, મિત્રો, સ્વજનો અને સ્નેહીજનો માટે તથા સમાજ કે સંસ્થા તરફથી વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કે વેચાણ કરવા માટે અગ્રિમ ગ્રાહક બનીને....
- જો આપને સ્વયં વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કરવાની અસુવિધા હોય તો અમે આપના નામથી વિતરણ કરાવી શકીશું. આ હેતુ માટે અનુદાન આપીને આપ સહયોગી બની શકો છો.
- પ્રકાશિત ગ્રન્થોમાં વિશિષ્ટ સહયોગી અને અગ્રિમ ગ્રાહકો અથવા તેમના દ્વારા નિર્દિષ્ટ મહાનુભાવોનું નામ, ચિત્ર, જીવનવૃત્ત અથવા પરિચય પ્રકાશિત કરવામાં આવશે.
- ચેક/ડ્રાફ્ટ અથવા રોકડ રકમ **રણસિંહ આર્ય** ના નામે મોકલવા વિનંતી છે.

**વાનપ્રસ્થ સાધક આશ્રમ** આર્યવન-રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૩૦૭.

ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭, ૯૪૨૭૦૫૯૫૫૦ Web : www.vaanaprastharojad.org E-mail : vaanaprastharojad@gmail.com

સ્થાન સૌજન્ય : વૈદિક પરિવાર

# રોજડની સરકારી શાળાના ૧૧૪ બાળકોને વાનપ્રસ્થ સાધક આશ્રમ બોલાવી યજ્ઞ અને નૈતિક શિક્ષણનાં પાઠ ભણાવ્યા



તાજેતરમાં રોજડની સરકારી શાળામાં ભણતા ગરીબ બાળકોએ વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડની મુલાકાત લીધી હતી. આ બાળકોને યજ્ઞનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. ૧૧૪ બાળકોને ઓમ્ અને ગાયત્રી મંત્રનો જપ કરતા શીખવાડવામાં આવ્યું હતું.

આ બાળકોને વિદ્વાનો દ્વારા ધાર્મિકતા અને નૈતિકતા સંબંધિત સરળ શૈલીમાં ઉપદેશ આપવામાં આવ્યો હતો. બાળકોને આશ્રમ દ્વારા વૈદિક સાહિત્યની પુસ્તકો, નોટબધ, પેન, કંપાસ વગેરે ભેટ આપવામાં આવ્યા હતા.

અંતમાં બાળકોને સાત્વિક ભોજન પણ કરાવવામાં આવ્યું હતું. બાળકો પણ આ નવીન અનુભવથી રોમાંચિત થઈ ગયા હતા. ઘણી નવી બાબતોની જાણકારી બાળકોને પ્રાપ્ત થઈ હતી. આચાર્ય જ્ઞાનેશ્વરજીનાં માર્ગદર્શનમાં ચાલતી આશ્રમની આધ્યાત્મિક ક્ષેત્રની શૈક્ષણિક પ્રવૃત્તિ, વાનપ્રસ્થીઓ માટે આધ્યાત્મિક ઉન્નતિ માટેની યોજનાઓ, ગ્રામીણ ગરીબો માટે અલ્પમૂલ્યમાં દવાઓ, નિઃશુલ્ક ફિઝીયોથેરાપીની સુવિધા વગેરે પ્રકલ્પો તો ચાલી જ રહ્યાં છે. હવે સમયાંતરે બાળકોને આશ્રમમાં બોલાવી તેમને વૈદિક યજ્ઞ, જપ વગેરેનું પ્રશિક્ષણ આપી વૈદિક ધર્મથી તેમને પરિચિત કરાવવાની પરંપરા પણ શરૂ કરવામાં આવી છે જે ખરેખર આવકારદાયક છે.

આશ્રમમાં રહેતા વિદ્વાનો, વાનપ્રસ્થીઓ, બ્રહ્મચારીઓ, અને કર્મચારીગણ પણ આ કાર્યને ઉત્સાહભેર કરી રહ્યાં છે, જે પ્રસંશનીય છે.

## રોટરી ક્લબ ઓફ કેપિટલ અને વૈદિક પરિવારનાં સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં

# આદર્શ નિવાસી કન્યા શાળાની વિદ્યાર્થીનીઓને સ્વેટર વિતરણ કરાયા



ગાંધીનગર

વૈદિક પરિવાર, ગાંધીનગર અને રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા સેક્ટર-૮ સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે સ્ટ્રેસ મેનેજમેન્ટ અને દિવ્ય દૃષ્ટિ જાગરણના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે રોટરી ક્લબનાં ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી મૌલિનભાઈ પટેલ ખાસ પધાર્યા હતા.

શ્રી મૌલિનભાઈ પટેલનાં હસ્તે શાળાની વિદ્યાર્થીનીઓને સ્વેટર વિતરણ કરવામાં આવ્યા હતા. સ્વેટરની સાથે મંચસ્થ મહાનુભાવોનાં વરદ હસ્તે તમામ વિદ્યાર્થીનીઓને વિદ્યાર્થી ઔર તનાવ હિન્દી પુસ્તક પણ ભેટ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત શાળાને બે ટેબલ ફેન પણ ભેટસ્વરૂપે આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનનાં ઈન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર અને રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પૂર્વ પ્રમુખ ડૉ. એસ. કે. નંદા અને આસીસ્ટન્ટ ગવર્નર શ્રી દેવેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ અતિથિ વિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમના પ્રારંભમાં ક્લબનાં પ્રમુખ શ્રી બી. કે. ચાવડાએ સ્વાગત પ્રવચન કરેલ. ત્યારબાદ શ્રી અરવિંદભાઈ રાણાએ ક્લબ અને વૈદિક પરિવારનાં સંયુક્ત ઉપક્રમે ચાલતી સ્ટ્રેસ મેનેજમેન્ટ અને દિવ્ય દૃષ્ટિ જાગરણનાં કાર્યક્રમોની વિગતો આપી હતી. દિવ્ય દૃષ્ટિ જાગરણના પ્રત્યક્ષ નિદર્શન દરમ્યાન બંધ આંખે વિદ્યાર્થીનીઓને વાંચતા જોઈ મંચસ્થ મહાનુભાવો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતા. ડૉ. એસ. કે. નંદાએ (અનુ. પાન-૨ ઉપર)

# આર્યસમાજ-આણંદ દ્વારા ૬૪૫૦ બાળકોને ઉકાળાનું વિતરણ

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા છેલ્લા ૯૦ વર્ષોથી અનેકવિધ લોકોપયોગી સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. જેમાં લોકોની શારીરિક સુખાકારી માટે શુદ્ધ આયુર્વેદીક પદ્ધતિ દ્વારા તૈયાર કરેલા ઉકાળા બનાવી અનેકવિધ રોગોના નિવારણ માટે જિલ્લાનાં અનેક ગામડાઓમાં નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે વરસાદની અધિકતાને લીધે ભેજવાળા વાતાવરણમાં ફ્લુ, ચિકનગુનિયા, તાવ, શરદી, ખાંસી, ઉધરસ જેવા વાયરલ ઈન્ફેક્શનનાં રોગોની અધિકતાના પ્રતિકાર માટે અમૃતપેય આયુર્વેદીક ઉકાળાનું આણંદ જિલ્લાના વિવિધ ગામોની શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો માટે કરવામાં આવ્યું હતું.

આર્યસમાજના નેજા હેઠળ નાવલી ગામે જુદી જુદી શાળાનાં ૧૩૦૦ બાળકોને આણંદનાં સાંસદ શ્રી દિલીપભાઈ પટેલ, સંસ્થાના પ્રમુખ શ્રી કનકસિંહજી વાઘેલા, મંત્રી શ્રી અશોકભાઈ પટેલ તથા અંતરંગ સભ્ય શ્રી કેતનભાઈ પટેલનાં હસ્તે ઉકાળાનું વિતરણ કરાવ્યું હતું. ચિખોદરા મુકામે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી કમલેશભાઈ પટેલની દેખરેખ હેઠળ ૧૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને, મોગર અને રામનગરની શાળાઓમાં અડાસ હાઈસ્કુલનાં આચાર્ય ડૉ. હંસાબેન રાજ (અનુ. પાન-૨ ઉપર)



PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C. SECTGOR-28, DIST. GANDHINAGAR, PUBLISHED AT PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021